# સંપ્રદાયથી અધ્યાત્મ



અજયભાઈ શેઠ

**મા**ણસમાત્ર સામાજિક પ્રાણી છે. સમાજમાં સાથે રહેવું તેને ગમે છે, તેની જરૂરિયાત છે. એકબીજાનો પ્રેમ મળે છે. હૂંફ મળે છે. મનુષ્યજીવનનો એક માત્ર હેતુ છે જીવનમાં સાત્વિક સુખ, શાંતિ અને પ્રસન્નતા મેળવવી. આ એક એવી પરમ શાંતિ છે જે પોતાના સ્વભાવ પર નિર્ભર રહે છે. બાહ્ય પદાર્થો, અવસ્થાઓ, પરિસ્થિતિઓ વગેરે તેને અસર કરી શકતા નથી.

પુરાતનકાળથી આપણા જ્ઞાનીજનો-સંતજનોએ આ આંતરિક શાંતિ કેવી રીતે કેળવવી એની ખોજ કરી રહ્યા છે. પોતાના સ્વભાવમાં, સ્વના ભાવમાં કેવી રીતે રહેવું તેની સાધના કરી રહ્યા છે. અને તેના અંતે જન્મ થયો સંપ્રદાયનો, ધર્મનો અને અધ્યાત્મનો. આ એક એવો માર્ગ છે જે આપણને આપણા સ્વભાવને કેળવતા શીખવે છે. મનુષ્ય માત્ર સામાજિક પ્રાણી હોવાને કારણે શરૂઆત થઈ સંપ્રદાયથી, પંથથી. દરેક સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતો એટલે ધર્મના સિધ્ધાંતો. અને આ સિધ્ધાંતોનું પાલન કરતાં કરતાં જ્યારે જીવનમાં સહજભાવે પરમ શાંતિનું નિર્માણ થાય એ કહેવાય આધ્યાત્મિકતા. જે. કૃષ્ણમૂર્તિ આને effortless Choiceless Awareness કહે છે. આ એક એવા સ્વભાવનું નિર્માણ છે જેમાં સહજભાવે, ગમા-અણગમાના ભાવ વગરની સજાગતા અને જાગૃતતા સતત ચાલું રહે છે. જૈન ધર્મ આને સાક્ષીભાવ, દૃષ્ટાભાવ, જ્ઞાતાભાવ અથવા તટસ્થભાવ કહે છે. આ ભાવમાં બહારની પરિસ્થિતિ,આપણી અંદરની શાંતિ અને પ્રસન્નતાનો ભંગ કરી શકતી નથી.



પરંતુ આ અધ્યાત્મિકતાના અંતિમ ચરણ સુધી પહોંચવાને બદલે મનુષ્ય સંપ્રદાય અને ધર્મના બંધનમાં બંધાઈ જાય છે. મારો જ ધર્મ સાચો, મારા જ ગુરુ મહાન, અમારો

**ધર્મનું સાચું સ્વરૂપ છે: અહમ્ છોડી હળવા બનો, ક્રોધ કે આવેશ છોડીને નમ્ર કે વિનયી બનો, ઈર્ષા છોડીને ઉદાર બનો.**

જ સંપ્રદાય ઊંચો, વગેરે વગેરે.

ધર્મનો અર્થ શું છે ? શું ધર્મ એટલે મંદિરમાં જવું ? તપ કરવા ? કંદમૂળનો ત્યાગ કરવો ? તિથી પાળવી ? સામયિક, પ્રતિક્રમણ અને જાત્રા કરવી? ખરેખર તો આ બધી વસ્તુઓનો ઉદ્દેશ સ્વભાવ પરિવર્તન કરાવવાનો છે. પરંતુ મોટેભાગે આપણે જીવનભર ક્રિયા કરતા રહીએ છીએ.

ધર્મનું સાચું સ્વરૂપ છે: અહમ્ છોડી હળવા બનો, ક્રોધ કે આવેશ છોડીને નમ્ર કે વિનયી બનો, ઈર્ષા છોડીને ઉદાર બનો.

મા-સ્વામી જય-વિજયાજી હંમેશાં કહેતા: ''તું કોણ છે, તેના કરતા તું કેવો છે, એ અધિક મહત્ત્વનું છે.''

ધર્મ મનુષ્યનો મૂળભૂત સ્વભાવ છે. ધર્મ એટલે કોઈ વિશિષ્ટ પરંપરા, સંઘ અથવા સંપ્રદાય નહીં. ધર્મ જ્યારે આચરણ સાથે જોડાય ત્યારે જ સાર્થક થાય.

મા-સ્વામીના અમુક જીવનલક્ષી સૂત્રો તેમના ધર્મ-અધ્યાત્મના વિચારોની ઝાંખી કરાવે છે:

- બસ એક કામ કરો !

ભૂખ્યાને રોટલો આપો, ને તરસ્યાને પાણી પાવ.

એ જ સૌથી મોટો ધર્મ છે.

- સુખી થવાના બહુ જ રસ્તાઓ છે. પરંતુ બીજા કરતાં વધારે સુખી થવાનો કોઈ રસ્તો નથી.

- ઈચ્છા જ ન જન્મે એ સિધ્ધ અવસ્થા છે. ઈચ્છાનું જન્મતા જ સાથે મૃત્યુ થાય એ શ્રેષ્ઠ છે, ઈચ્છા ઓછી થવી એ સાધના છે.

- જતું કરતા શીખો, જીતી જશો.

કહેવાય છે કે ભૌતિકવાદ (materialism) અને અધ્યાત્મ (Spiritualism) સાથે રહી શકતા નથી. પરંતુ મારા મત મુજબ આ સાચું નથી. જો આપણો જીવ, આપણું ધ્યાન સર્વથા પૈસા અને પદાર્થો સાથે જ રહે તો એ અશાંતિનું કારણ છે. પરંતુ જો એ જ પૈસા અને પદાર્થોનો ઉપયોગ સારી રીતે કરવામાં આવે, તો એ જ પૈસા અને પદાર્થો આપણને ઊંચી કક્ષાએ લઈ જઈ શકે છે.

અહીં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ અધ્યાત્મની એટલી સુરેખ વ્યાખ્યા કરે છે કે પછી બીજા કોઈ ભ્રમમાં પડવાનું રહે જ નહીં. અધ્યાત્મના નામ પર પોતાનો સાંપ્રદાયિક કક્કો ચલાવવો એક વાત છે અને સ્પષ્ટપણે અધ્યાત્મમાર્ગની અનુભૂતિ પછી કોઈને માર્ગ બતાવવો એ બહુ જુદી વાત છે. તેઓ સ્પષ્ટ લખે છે:

''જેની ભીતરમાં દયા, પ્રેમ, કરુણા અને અનુકંપા જેવી ભાવનાઓ હોય તેવું જ તત્ત્વચિંતન... તે જ અધ્યાત્મ છે.''

પ્રેમનો અભાવ એ સૌથી મોટી દરિદ્રતા છે. જેની અંદર પ્રેમ અને કરુણા નથી એ સૌથી વધારે ગરીબ છે. જેના શ્વાસ-શ્વાસમાં પ્રેમ અને કરુણા છે એના માટે અહીં જ સ્વર્ગ છે, એ જ્યાં જાય છે ત્યાં સ્વર્ગ બની જાય છે. ✦